ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૧ ટકા ● સાંજે ૧૨ ટકા

# શહેરની સરકારી પ્રાથમિક શાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ






ગાંધીનગર, તા.૧૨

જીવનમાં જયાં સુધી મારા પણાનો ભાવ ન આવે ત્યાં સુધી સફળતા મળતી નથી, તેવું આજરોજ રાજયના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગર શહેર વિસ્તારની ૩૩ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકતા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ સર્જનાત્મક અભિવ્યક્તિને ખીલવવાના ઉમદા આશયથી આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતુ કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારે ગુજરાત રાજયની શાસનધુરા સંભાળી ત્યારે મારું ગુજરાત આપણું ગુજરાતનું સૂત્ર આપ્યું હતું. જેમાં મારું ગુજરાતનો એક અનેરો ભાવ જોવા મળતો હતો. જયાં પણ મારા પણાનો ભાવ આવે છે, ત્યાં વિકાસ અને સફળતા અવશ્ય મળે છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ કાર્યમાં પણ શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં મારા પણાનો ભાવથી બન્ને નહિ, જોડાય ત્યાં સુધી ગુણાત્મક શિક્ષણ નહી મળી શકે. તેમજ શિક્ષણ કાર્યમાં આ ભાવ નહિ આવે તો સરકારને નહિ પણ શિક્ષણને નુકશાન છે. શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને મારી શાળાના બાળકો છે, તેવા ભાવ સાથે ભણાવવાનું કામ કરશે તો તેમને અવશ્ય લક્ષ્યાંકનું સારનું પરિણામ પ્રાપ્ત થશે. તેમજ જે શિક્ષક આવા ભાવથી કામ કરે છે, તેની શાળાનું પરિણામ ઓછું આવતા ચિંતા કરે છે, તે મારી નજરે આદર્શ શિક્ષક છે. મારા પણાનો ભાવ પેદા કરવાનું પ્રશસંનીય કામ ગાંધીનગર જિલ્લાએ કર્યું છે, તે વાત અભિનંદનને પાત્ર છે. ખાનગી શાળાઓની જેમ સરકારી શાળાઓના બાળકોના વાર્ષિક ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરીને બાળકોમાં રહેલી સર્જનાત્મક શક્તિ બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, તે પણ ઘણો આવકારીય છે.

આ પ્રસંગે ગાંધીનગર શહેરની ૩૩ શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સર્વે મહાનુભાવો અને વાલીઓ- વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કલેકટર શ્રી સતીશ પટેલ કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, જી.સી.આર.ટીના નિયામક શ્રી ટી.એસ. જોષી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી આઇ.બી.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.એસ. બારડ, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ.એન.રાઠોડ, શાસનાધિકારી શ્રી છાયાબેન રાવલ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.





અગનગોળા વરસાવતી કાળઝાળ ગરમીથી ત્રાહિમામ નગરજનો મોઢે રૂમાલ બાંધી રસ્તાઓ પર દેખાયા હતા. ઠેર ઠેર લીંબુ શીંકજી અને શેરડીના રસ પીને શહેરીજનો શાતા મેળવી રહ્યા છે. આમ પણ ડૉકટરી સલાહ મુજબ ગરમીમાં શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે પણ ખુબ જરુરી છે.

# સે-૪માં સટ્ટો રમાડતા ચાર ઝડપાયા

## આઈપીએલની ચાલુ ક્રિકેટ મેચે દબોચી લીધા : ૧૧ મોબાઈલ, એલસીડી સહીત ૫૪ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૨

આઈપીએલ ક્રિકેચ મેચ પર સટ્ટાબજાર ગરમ થઈ ગયું છે ત્યારે ગઈ કાલે રાત્રે ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીના આધારે સે-૪માં દરોડો પાડી મકાનમાં સટ્ટો રમાડી રહેલા ચાર બુકીઓને રંગે હાથ દબોચી લીધા હતા. ૧૧ મોબાઈલો તથા સટ્ટાની સાધન સામગ્રીઓ અને રોકડ મળી કુલ રૂ. ૫૪ હજારના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈ ગાંધીનગર એલસીબીની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણની ટીમ ક્રિકેટ સટ્ટાના રેકેટ સુધી પહોંચવા દોડતી થઈ છે. એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમને ગઈ રાત્રે બાતમી મળી હતી કે સે-૪-સી પ્લોટ નં. ૮૫૩/૨ ખાતે પોતાના સસરાના મકાનમાં પરિવાર સાથે રહેતા અંકિત વિનોદ મોદીના મકાનમાં ચાર શખ્સો મળીને આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યા છે. બાતમી આધારે રાત્રે દરોડો પાડીને એલસીબીની ટીમે મકાનમાં બેઠા બેઠા સટ્ટો રમાડી રહેલા ચાર બુકીઓને પકડી પાડયા હતા. ૧૧ મોબાઈલ, એલસીડી, સેટટોપ બોક્ષ અને રોકડ મળી કુલ રૂ. ૫૪ હજારની કિંમતનો સટ્ટા રમવા વપરાયેલો મુદ્દામાલ જપ્ત કરીસે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસની આ સટ્ટા બેટીંગમાં કોઈ સંડોવણી છે કે કેમ તે અંગે પણ તપાસ ચાલી રહી છે અને સમગ્ર તપાસ એલસીબી પીએસઆઈ એસ.બી. પઢેરીયા ચલાવી રહ્યા છે.

**પકડાયેલા આરોપીઓ**

- ●અંકિત વિનોદ મોદી (રહે. સે-૪-સી પ્લોટ નં. ૮૫૩/૨)
- ●બિપીન જયંતિ પટેલ (રહે. સે-૨૬ પ્લોટ નં. ૨૨૦)
- ● કમલેશ છોટાલાલ ઠકકર (રહે. સે-૨૨ પ્લોટ નં. ૭૪૭/૨, વાસ્તુ નિર્માણ સોસાયટી)
- ●દિપક બબા શાહ (રહે.સે-૩૦ પ્લોટ નં. ૧૨૮, ગુજરાત હાઉસીંગ બોર્ડ)

# ચિલોડા ખાતે સાડીની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં ચોરો ત્રાટકયા

**રૂ. ૩૫ હજારનો માલ ચોરીને પાંચ ભાગી ગયા : એક મહિલાને પકડીને દુકાનદારે પોલીસને સોંપી**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક ચિલોડા-દહેગામ રોડ પર આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્ષમાં એક સાડીની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં ચોરો ઘુસી ગયા હતાં. બપોરે સાડી અને ચોલીઓ જોવા માલ કઢાવીને ૪ મહિલાઓ સહિત છ શખ્સોએ મળીને વેપારીની નજર ચુકવી ૩૫ હજારની કિંમતનો માલ છુપાવીને ચોરી લીધો હતો. ચોરી કરીને છ ઉઠાવગીરો ભાગ્યા હતા તે પૈકી એક મહિલાને પકડી પાડી દુકાનદારોએ મેથીપાક ચખાડી ચિલોડા પોલીસને સોંપી હતી તો બીજી તરફ પોલીસનું કહેવું છે કે આવી કોઈ ઘટના અમારી પાસે આવી જ નથી. જયારે ફરિયાદ કરવા ગયેલા વેપારીને પોલીસે કહ્યું કે ફરિયાદ કરવી હોય તો ગાંધીનગર જવું પડશે અમે તો અરજી લઈશું...!

મળતી માહિતી મુજબ ચિલોડા અશ્વમેઘ કોમ્પ્લેક્ષમાં સ્થિત દુકાન નં. ૩૯ ખાતે માં ભવાની વસ્ત્ર ભંડાર નામની સાડી (લેડીઝ વેર)ની દુકાન આવેલી છે. પાણીબેન ચૌધરી આ દુકાનના સંચાલક છે. આજે બપોરે સાડા અગિયાર વાગ્યાના અરસામાં બે યુવાનો અને ચાર મહિલાઓ મળી છ ગ્રાહક દુકાનમાં આવ્યા હતા. સાડીઓ અને ચોલીઓ જોવાનું શરુ કર્યું. થોડી વારમાં છ ગ્રાહકો નીકળ્યા અને દુકાનદારને શંકા જતા બુમ પાડી એટલે તમામ ગ્રાહકો ભાગ્યા હતા. પીછો કરીને એક મહિલાને તો દુકાનદારે પકડી લીધી પરંતુ અન્ય પાંચ ગ્રાહકો રીક્ષામાં બેસીને ભાગી ગયા હતા. દુકાનમાંથી આશરે ૩૫ હજારની કિંમતનો ચોલી સાડીનો માલ ચોરી થઈ ગયો હોવાનું દુકાનદારનું કહેવું છે. પકડાયેલી મહિલાને મેથીપાક ચખાડીને દુકાનદારે ચિલોડા પોલીસને સોંપી અને ફરિયાદ કરવા દુકાનદાર ગયા તો કહી દીધું કે અમે અરજી લઈશું ગુનો દાખલ કરવો હોય તો ગાંધીનગર જવું પડશે તો બીજી તરફ મિડીયાને પોલીસે જવાબ આપ્યો કે અમારી સુધી આવી કોઈ ઘટના આવી જ નથી તો શંકાએ પણ જાય છે કે પકડાયેલી મહિલાને પોલીસે છોડી મુકી કે શું...?

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રતિભાબેન કે. દવે**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે. સરદાર ભવન અને વિધાનસભા સંકુલમાં આ દેશના રાષ્ટ્રપિતાનાં દર્શન થાય છે. જ્યારે તેની બરાબર સામે દેશના પનોતા પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનાં દર્શન થાય છે. તેની પાછળ મહાત્મા મંદિર છે. જ્યારે ઘ-૫ ખાતે રવિશંકર મહારાજનાં દર્શન શાંત, સ્વચ્છ અને પ્રકૃતિમય વાતાવરણમાં થાય છે. આ કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

આ નગરીના નગરજનો માત્ર સરકારી કર્મચારીઓ જ નથી, પરંતુ લોકમાત્રની સેવા કરનારા વૈષ્ણવજનો છે. એટલું જ નહીં, વિદ્વાન, જ્ઞાની, પ્રામાણિક અને સંસ્કારી ભાઈ-બહેનો અને બાળકો પણ અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શ્રી રામકથાથી માંડીને નગરજનોના સંસ્કાર, સંસ્કૃતિને ઉજાગર કરતી સંસ્થા કલ્ચરલ ફોરમ, ભૂખ્ જનોની જઠરાગ્નિને તૃપ્ત કરતી સંસ્થા માનવ સેવા મંડળ, મહિલાઓને જાગૃત કરતી અને પ્રોત્સાહન આપતી સંસ્થા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ તેમજ જ્યોતિ મહિલા મંડળ અને નગરમાં સેવાયજ્ઞ કરતી સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

માનવતાને નેવે મૂકીને બેફામ વાહનો ચલાવતાં માનવો કે જેમને વૃધ્ધો, મહિલાઓ, બાળકોની પડી નથી તેમને કાયદો દંડે, રખડતાં જનાવરોના માલિકોને પણ કાયદો દંડે અને ઝૂંપડાવાસીઓ માટે નવી વસાહત બનાવી ઝૂંપડપટ્ટી નગરમાંથી દૂર થાય એ જરૂરી લાગી રહ્યું છે.

**નગર માટે હું કરી શકું**

નગર સ્વચ્છ, સંસ્કારી બની રહે અને મહિલાઓ તથાબાળકોનો વિકાસ થાય તે માટે મારું પૂર્ણ યોગદાન આપવા હું તૈયાર છું.



ગરમીમાં રાહત - શહેરના સ્વિમીંગ પુલોમાં ગરમીથી રાહત મેળવવા સ્વીમરો મોટી સંખ્યામાં ઉમટે છે...



મનપા ગાંધીનગર દ્વારા કોર્પોરેશન કચેરીમાં ભોંયતળીયે જનસેવા કેન્દ્ર ખાતે મુકવામાં આવેલ એ.સી. આશીર્વાદ સમાન બની રહ્યું છે. પ્રોપર્ટી ટેક્ષ તેમજ અન્ય વેરા ભરવા આવતા સીનીયર સીટીઝન્સ તેમજ શહેરીજન આવી ગરમીમાં લાઈનમાં ઉભા રહી શકે છે. થોડીવાર માટે પણ અહીં આવતા શહેરીજનો એ.સી.ના વાતાવરણમાં રાહત મેળવી રહ્યા છે.

# ટ્રકમાંથી પ્લાસ્ટીકના દાણા ભરેલા ૧૧૮ કોથળાની ચોરી

**રણાસણ સર્કલ પાસે ડ્રાઈવરે ટ્રક પાર્ક કરી ત્યારે રાત્રે બનેલી ઘટના : રૂ. ૨.૮૦ લાખના પ્લાસ્ટીકના દાણાનો જથ્થો ચોરાયો**

ગાંધીનગર, તા.૧૨

ડભોડા નજીક આવેલા રણાસણ સર્કલ નજીક એક ટ્રક ડ્રાઈવરે રાત્રે પોતાની ટ્રક પાર્ક કરી હતી. આ ટ્રકમાં ડ્રાઈવર પ્લાસ્ટીકના દાણા ભરેલા કોથળાની હેરાફેરી કરી રહ્યો હતો. રાત્રી દરમિયાન આ ટ્રક જયાં હતી ત્યાંથી તે અરસામાં ટ્રકમાંથી રૂ. ૨.૮૦ લાખની કિંમતના ૧૧૮ નંગ પ્લાસ્ટીકના દાણા ભરેલા કોથળાની ચોરી કરી કેટલાક શખ્સો રફફુચક્કર થઈ ગયા હતા. આ મામલે ડ્રાઈવરની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

ઉત્તરપ્રદેશનો ડ્રાઈવર રણજીત શ્યામબહાદુર યાવદ તેની ટ્રકમાં પ્લાસ્ટીકના દાણાના ૧૧૮ કોથળા ભરીને હેરાફેરી કરી રહ્યો હતો. ડભોડા નજીક રણાસણ સર્કલ નજીક ૮મી એપ્રિલે રાત્રે ડ્રાઈવરે ટ્રક ઉભી રાખી અને રાત્રી દરમિયાન આરામ કરવાનું નક્કી કર્યું. ડ્રાઈવર સુઈ ગયો તે અરસામાં રાત્રી દરમિયાન ચોરોએ તેના ટ્રકને નિશાન બનાવી અને ટ્રકમાંથી ૧૧૮ કોથળા પ્લાસ્ટીકના દાણાની ઉઠાંતરી કરી ચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે ડ્રાઈવર રણજીત યાદવે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ડી.બી.વાળાએ ગુનો દાખલ કરીને રૂ.૨.૮૦ લાખની કિંમતના પ્લાસ્ટીકના દાણાની ચોરી મામલે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ અડાલજ ખાતે લેઉવા પાટીદારોનો સ્નેહમિલન સમારોહ સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન યોજાશે.

● સંગીતમય સુંદરકાઠના પાઠ ભારતીબાપુની વ્યાસપીઠે અંબાલાલ ભાઈ પટેલના યજમાનપદે રાત્રે ૮.૩૦ કલાકે બ્રહ્માણી કોલ્ડ સ્ટોરેજ ચંદ્રાલા ગામે યોજાશે.

## વાતવાતમાં

● તા. ૧૪મી એપ્રિલે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ તથા ગુડ ફ્રાઈડે છે. બંનેની એક તારીખ આવવાને કારણે એક રજા કપાઈ ગયાનો પાટનગરના સરકારી બાબુઓ અફસોસ વ્યકત કરી રહ્યા છે.

● બેંકોમાં હવે જુન માસથી માત્ર પાંચ જ દિવસનું સપ્તાહ રહેશે અને દર શનિવારે-રવિવારે બેંકો બંધ રહેશે તેવો એક મેસેજ સોશ્યલ મિડીયામાં વાઈરલ થયો છે. વ્હોટસએપ પર ફરતો થયેલો આ મેસેજ સાચો છે કે નહી તેનો આરબીઆઈ દ્વારા ખુલાસો થાય ત્યારે જ હકીકત ખબર પડશે પરંતુ ત્યાં સુધીમાં નાગરિકો ગેરમાર્ગે દોરાશે તેવી ભીતિ જણાઈ રહી છે.

# અબોલ પંખીઓ માટે આશીર્વાદરૂપ બનતી નરેન્દ્ર રાવલની અનુકંપા

## ચૈત્ર માસમાં ૨ હજાર માટીના કૂંડાની પક્ષી પરબોનું વિતરણ કર્યું : શહેરના મંદિરો, સરકારી કચેરીઓ, શોપીંગ સેન્ટરો જેવા જાહેર સ્થળોએ જાતે જઈ વિતરણ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પક્ષી પ્રેમ તથા ચકલી મિત્ર તરીકે જાણીતા નરેન્દ્રભાઈ રાવલે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર માસમાં પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવાનું સેવા કાર્ય હાથ ધર્યું હતું. આ વર્ષે તેમણે ૨ હજાર જેટલી પક્ષી પરબોનું વિતરણ કર્યું હતું. તેમનું આ સેવા કાર્ય હજુ પણ ચાલુ રહેશે તેવું તેમણે જણાવ્યું હતું.

ઉનાળાના પ્રારંભે જ સતત વધતો તાપમાનનો આંક કઈ ચરમસીમાએ પહોંચશે તે તો આવનાર સમય જ બતાવશે. પરંતુ આ કાળઝાળ ગરમીમાં પંખીઓ માટે પીવાના પાણીના ફાંફા થઈ જવા પામે છે. અસંખ્ય અબોલ પંખીઓ પાણી વિના ટળવળીને મોતને ભેટે છે. આ સંજોગોમાં ગાંધીનગરના એક સરકારી કર્મચારી નરેન્દ્ર રાવલની અનુકંપા આ અબોલ પંખીઓ માટે આશીર્વાદ બની વરસી રહી છે. નરેન્દ્ર રાવલ દર વર્ષે પંખીઓને પાણી પીવડાવવા માટેના માટીના કૂંડાની પક્ષી પરબોનું શહેરમાં વિના મૂલ્યે વિતરણ કરે છે. આ વર્ષે પણ ચૈત્ર માસની ગરમીમાં તેમણે અત્યાર સુધીમાં ૨ હજાર પક્ષી પરબોનું વિતરણ કરી દીધું છે અને હજુ પણ આ સેવા યજ્ઞ તેમનો નિરંતર ચાલી રહ્યો છે.

નરેન્દ્ર રાવલે શહેરના મંદિરો, સરકારી કચેરીઓ, શહેરના શોપીંગ સેન્ટરો વગેરે જેવી જાહેર જગ્યાઓ પર જઈ જાતે જ પક્ષી પરબોનું વિતરણ કરે છે. તથા પક્ષી પરબ લઈ જનારને તેમાં નિયમિત જળ સિંચન કરવા અનુરોધ કરે છે. હજુ વૈશાખ અને જેઠ માસનો આકરો તડકો વેઠવાનો બાકી છે ત્યારે તેમનું આ સેવા કાર્ય હજારો પક્ષીઓ માટે જીવનદાન સમું બની રહેશે તેમાં શંકાને સ્થાન નથી.



## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન ભોગીલાલ નાયી, ઉ.વ. ૬૨
- સ્વ. શારદાબેન મનુભાઈ બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૭૫
- સ્વ. નરેન્દ્રભાઈ જયંતિલાલ રાણા, ઉ.વ. ૫૪
- સ્વ. ગોરધનભાઈ ગાંડાભાઈ પટેલ, ઉ.વ. ૫૫
- સ્વ. રસીકલાલ દલપતરામ જોખાકર, ઉ.વ. ૮૩